અપીલ અરજી નં.૩૯૩ તા.૧૩–૩–૦૯

અરજદારઃ શ્રી દેવીદયાલસિંહ જી. રાજપૂત

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવીદયાલસિંહ જી. રાજપૂતની તા.૫–૨–૦૯ ની અરજીથી ઉધનાઝોનમાં છેલ્લા પાંચ વર્ષમાં બિન અધિકૃત ગેરકાયદેસર બાંધકામની વિગત જેની મંજુરી ન મળી હોય તેવા અથવા પ્લાન પાસ ન હોય તેવા મકાનની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૩ /૨૦૦૮–૦૯

શ્રી દેવીદયાલસિંહ જી. રાજપૂતની તા.૫–૨–૦૯ ની અરજીથી ઉધનાઝોનમાં છેલ્લા પાંચ વર્ષમા બિન અધિકૃત ગેરકાયદેસર બાંધકામની વિગત જેની મંજુરી ન મળી હોય તેવા અથવા પ્લાન પાસ ન હોય તેવા મકાનની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં./૮૪૦૧ તા.૧૬–૨–૦૯ ની આપેલ માહિતી ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૨ તા.૨૧–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૨–૦૯ ની અરજીથી ઉધનાઝોનમાં છેલ્લા પાંચ વર્ષમા બિન અધિકૃત ગેરકાયદેસર બાંધકામને કોર્પોરેશન દવારા બાંધકામ દુર કરવાની કે સ્થગિત કરવાની નોટીસ આપવામાં આવી છે અને કેટલા બાંધકામને દુર કરવામાં આવ્યા તેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઉધના વિસ્તારમાં કુલ ૪૩૨ બાંધકામને અત્રેથી નોટીસ આપવામાં આવેલ જે પૈકી ૪૩ બાંધકામોને અત્રેથી એન્ટ્રી નોટીસ આપી દુર કરવામાં આવેલ છેતેવી માહિતી અરજદારને સા.ઝોન/ટેક./આ.નં.૮૪૦૧ તા.૧૬–૨–૦૯ થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં ગેરકાયદેસર બાંધકામ કેટલા તેની વિગત ખોટી છે અને ખોટી માહિતી આપવા બદલ કાનુની પગલા કેમ ન લેવા તેવી રજુઆત કરેલ છે. જે અંગે અરજદારને અરજી પશ્ચાત તા.૨૧–૩–૦૯ થી પાઠવેલ પત્રના અનુસંધાને તેમના ખોટી માહિતીના કરેલા દાવા અંગે આધાર કે વાજબીપણું અપીલ તબકકે પણ રજુ કરેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(અફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી માહિતીના ઈન્કારનો પ્રશ્ન બનતો નથી. અરજદાર ખોટી માહિતી અંગે આધાર રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે છતાં કાયદાના હાર્દ અને જોગવાઈને અનુલક્ષી ઈચ્છુક હોય તો આપેલ માહિતી સબંધે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કચેરીના કામકાજના સમય દરમ્યાન લાગત દફતરનું નિરીક્ષણ કરી શકે છે. જે અંગે કાયદાની કલમ–૭(૧) તથા ૭(૩) ની સાથે નિયમ–૫ ની જોગવાઈ અનુસારની ભરવા પાત્ર થતી ફી તેમણે ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તે મુજબની માંગણી થયે અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જયારે અરજદારની જાહેર માહિતી અધિકારી સામેની શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગેની માંગણીની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ તે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો નથી.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન,..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી દેવીદયાલસિંહ જી. રાજપૂત